અરજી નં.૩૪૨ તા.૧૭–૨–૦૯

અરજદારઃ શ્રી રોશનલાલ શીવલાલ શાહ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા.૩–૧–૦૯ ની અરજીથી સહરાદરવાજા બહાર ગાર્ડન મીલ સામે બંધાયેલ તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષમાં કયાં કયાં અને કેટલું ગેરકાયદેસર બાંધકામ છે. પાર્કીગ ,દાદર, પેસેજ સહીતની સંપુર્ણ સાચી માહિતી સરળ અને સ્પષ્ટ ભાષામાં આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૨/૨૦૦૮–૦૯

શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા.૩–૧–૦૯ ની અરજીથી સહરાદરવાજા બહાર ગાર્ડન મીલ સામે બંધાયેલ તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષમાં કયાં કયાં અને કેટલું ગેરકાયદેસર બાંધકામ છે. પાર્કીગ,દાદર, પેસેજ સહીતની સંપુર્ણ સાચી માહિતી સરળ અને સ્પષ્ટ ભાષામાં આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૪૪૧૯ તા.૩૦–૧–૦૯ થી આપેલ માહિતી સાચી અને સંતોષકારક ન મળવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૪ તા.૨૭–૨–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને તથા અરજદારને અપીલના આધાર અને વાજબીપણુ અપીલ ફોર્મમાં રજૂ કરેલ ન હોય તે જણાવવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીડીઓ/૪૮૯૧ તા.૭–૩–૦૯ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

જયારે અરજદારે અપીલ ફોર્મમાં કોઈ પણ વિગતો ભરેલ ન હોય અપીલ ફોર્મ મોકલી અપીલ કયા જાહેર માહિતી અધિકારી સામે છે? અપીલ કઈ તારીખની અરજી સામે છે તે પણ સ્પષ્ટ જણાવેલ ન હોય અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૫ તા.૭–૩–૦૯ થી પુનઃ પત્ર પાઠવવામાં આવેલ. જેમાં તા.૧૭–૨–૦૯ ના પત્રમાં તા.૩–૧૨–૦૮ ની અરજીનો ઉલ્લેખ છે. જયારે અપીલ અરજી સાથે તા.૩–૧–૦૯ ની રસીદ સામેલ કરેલ છે તે અંગે સ્પષ્ટતા કરવા જણાવેલ પરંતુ અરજદારે તેમાં વિગતો ભરી કે સ્પષ્ટતા અંગે કોઈ માહિતી પૂરી પાડેલ નથી. પરંતુ તેમના તા.૬–૩–૦૯ ના પત્રથી વાજબીપણું એટલે શું અને તેની પરિભાષા વિશે પૃચ્છા કરી જણાવેલ કે અરજદારે અગાઉ ફી ભરી બન્ને બિલ્ડીંગોના પ્લાન અને અન્ય માહિતી મેળવેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા વારંવાર જુદા જુદા જવાબો આપેલ છે. કોર્પોરેશને પાસ કરેલ પ્લાન અને સ્થળ ઉપરની વિગતોની તપાસ કરી માહિતી પુરી પાડવા રજૂઆત કરેલ છે.

અરજદારે અપીલ સાથે રજુ કરેલ પાના નં.૧ થી ૧૪ લખેલ કાગળો સાથેના બિડાણ જોતાં પાના નં.૪ પર બન્ને બિલ્ડીંગો અંગે હોટલ રૂમ, પાર્કીંગની સુવિધા ન હોવા છતાં ચાલતી હોવાની બાબત ગેરકાયદેસર દુકાન બનાવી પાનના ગલ્લાવાળાને વેચી માર્યાની હકીકત, ગેરકાયદેસર લોખંડ દાદર, પાર્કીગ શટર લગાવી બંધ કર્યાની, ગેરકાયદેસર હોર્ડીગ વિગેરેનું બયાન કરેલ છે. પાના નં.૭ પર અગાઉની તા.૨૩–૩–૦૭ ની માહિતી માંગતી અરજીની નકલ રજુ કરેલ છે. પાના નં.૮ પર તા.૧૮–૪–૦૭ ના રોજ મ. જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન કક્ષાએથી અપાયેલ તા.૩૦–૩–૦૭ ની માહિતીની નકલ તથા ૧૦ થી ૧૨ માં અગાઉની તા.૧૬–૫–૦૭ ની અરજી તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૫–૯–૦૭ ના રોજ અપાયેલ માહિતીની નકલ રજૂ કરેલ છે. જયારે પાના નં.૧૩ પર લીંબાયત ઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ તા.૧૯–૭–૦૭ ની માહિતીની નકલ રજૂ કરેલ છે. પાના નં.૧૪ પર અરજદારની તા.૪–૮–૦૭ ની અરજીથી ગેરકાયદે હોર્ડીગ તથા બાંધકામ દુર કરવા જણાવતી ફરીયાદની નકલ રજુ કરેલ છે. અરજદારે રજુ કરેલ કાગળો પૈકી તેમની અગાઉની આરટીઆઈ હેઠળની અરજીની મળેલી માહિતી સામે કોઈ અપીલ કર્યાની વિગતો રજૂ કરેલ નથી. અરજદારે આ તબકકે તા.૩–૧–૦૯ ની અરજી સામે અપીલ કર્યાનું સ્પષ્ટ થાય છે. જયારે બાકીની રજૂઆત મહદઅંશે મળેલી માહિતીના આધારે તકરાર નિવારણને સ્પર્શતી જણાય છે.

અરજદારની તા.૩–૧–૦૯ ની અરજીથી સહારા દરવાજા બહાર ગાર્ડન મીલ સામે બંધાયેલ તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષમાં કયાં કયાં અને કેટલું ગેરકાયદેસર બાંધકામ છે. પાર્કીગ,દાદર, પેસેજ સહિતની સંપુર્ણ સાચી માહિતી સરળ અને સ્પષ્ટ ભાષામાં આપવાની માંગણી કરેલ છે. જેની સામે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષમાં ટેરેસ ફલોર ઉપર વોચમેન કેબિન તથા ટોયલેટ બનાવેલ છે તથા મિલ્કતના પશ્ચિમે આવેલ કમલ સેલ્સ એજન્સી નામની દુકાનના નીચે બેઝમેન્ટમાં તથા માર્જીનના ભાગમાં પ્રોજેકશન સહિતના ઓટલા તથા પગથિયાનું બાંધકામ કરેલ છે. લોઅર ગ્રાઉન્ડ ફલોરમાં જવાના ઓપન ટુ સ્કાય પગથિયાંના સ્થાનમાં ફેરફાર તથા લોઅર ગ્રાઉન્ડ ફલો ર પેસેજથી ગ્રાઉન્ડ ફલોરમાં જવા લોખંડના ઓપન દાદર, બિલ્ટઅપ લાઈનની અંદર બનાવેલ છે. સાંઈ કિરણ કોમ્પલેક્ષમાં ટેરેસ ફલોર પર લીફટ કેબીન તેમજ ટાંકીની નીચે વોચમેન કેબીન તથા ટોયલેટનું બાંધકામ છે. બંન્ને કોમ્પલેક્ષમાં પાર્કીગ નિયમ મુજબ સ્થળે મળે છે આ રીતે અરજદારને પાર્કીગ દાદર અને પેસેજ સહિતના બાંધકામની માહિતી અરજદારને પૂરી પાડેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી પાસેથી અને નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી આપવાની રહે છે.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૩–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ છે. જેથી માહિતી અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો તેમની તા.૩–૧–૦૯ ની અરજી સંદર્ભે દિન–૭ માં કચેરીના કામકાજના સમય દરમ્યાન ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી લાગત ફાઈલનું ઈન્સ્પેકશન મેળવી શકે છે. તથા કલમ–૭(૧),(૩) તેમજ નિયમ–૫ હેઠળ દસ્તાવેજ ફી ભરી નકલો મેળવી શકે છે. ફરીયાદ નિવારણ અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રોશનલાલ શીવલાલ શાહ